# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/134 Dt. 02/12/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'ખભાના દુખાવા અને તેના ઉકેલો' વિષય પર સેમિનાર યોજાયો

## ખભાના દુખાવામાં ડાયબીટિસથી પીડિત વ્યક્તિને ફ્રોઝન શોલ્ડરની સમસ્યા થવાની સંભાવના સૌથી વધુ હોય છે - ડો. વિશાલ માંડલેવાલા

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'ખભાના દુખાવા અને તેના ઉકેલો' વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં ઓર્થોસ્કોપી ઘૂંટણ અને ખભાના સર્જન ડો. વિશાલ માંડલેવાલાએ ખભાના દુખાવાના કારણો અને નિવારણ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'આજની વ્યસ્ત જીવનશૈલીમાં ખભાના દુખાવાની સમસ્યા સામાન્ય બનતી જાય છે.

ઘણીવાર આપણે તેને અવગણતા હોઇએ છીએ. ખભાનો દુખાવો મોટા ભાગે ખરાબ બેસવાની રીત અને ભારે પ્રવૃત્તિઓને કારણે થતો હોય છે, પરંતુ કયારેક તે આપણને મુશ્કેલીમાં મૂકી શકે છે. કાર્યક્રમનો હેતુ ખભાના દુખાવાના મુખ્ય કારણો સમજાવવાનો અને રોજિંદા જીવનમાં અપનાવી શકાય તેવા સરળ ઉકેલો રજૂ કરવાનો છે. સરળ વ્યાયામ, યોગ્ય બેસવાની પદ્ધતિ અને સમયસર સારવાર લઈને આપણે ખભાના દુખાવાથી બચી શકીએ છીએ.'

ડો. વિશાલ માંડલેવાલાએ જણાવ્યું હતું કે,'ખભાના દુખાવામાં સામાન્ય રીતે ફ્રોઝન શોલ્ડરની સમસ્યા ડાયબીટિસથી પીડિત વ્યક્તિને થવાની સંભાવના સૌથી વધુ હોય છે. ૪૦ થી વધુ ઉંમર ધરાવતા વ્યક્તિઓને અને અકસ્માતમાં ઈજા થયા બાદ તેની મુવમેન્ટ ઓછી થતી હોય તો ફ્રોઝન શોલ્ડરની સમસ્યા હોઈ શકે છે. રિપોર્ટ કરાવ્યા વિના ફ્રોઝન શોલ્ડરનું ઈન્જેક્શન લેવું વ્યક્તિ માટે અતિ જોખમી બની શકે છે. ફ્રોઝન શોલ્ડરથી માત્ર શોલ્ડરના અંદરનો સોજો ઓછો થાય છે, વારંવાર ફ્રોઝન શોલ્ડરનું ઈન્જેક્શન નહીં લેવું જોઈએ. રોટેટોર કફ ટેન્ડિનોસીસ (ખભાના સ્નાયુનો સોજો), રોટેટોર કફ ટીયર (ખભાના સ્નાયુમાં સ્ક્રેચ), શોલ્ડર ડિસ્લોકેશન, કેલ્સફિક ટેન્ડિનિટીસ અને શોલ્ડર આર્થરિટીસની સમસ્યા સામાન્ય રીતે વ્યક્તિઓમાં જોવા મળે છે.'

તેમણે વધુમાં પીઆરપી ઈન્જેક્શન વિશે સમજ આપી હતી. ઓર્થોસ્કોપી આરસી રિપેરમાં જો સર્જરીની જરૂર હોય તો તેની સર્જરી કરવી જ યોગ્ય હોય છે. શોલ્ડર ડિસ્લોકેશન થતું હોય તો ખભાનું MRI કરાવવું હિતાવહ છે.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ વક્તાનો પરિચય આપ્યો હતો. સેમિનારમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા, કમિટીના સભ્યો અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલબેન વડગામાએ કાર્યક્રમની રૂપરેખા માહિતી આપી હતી, જ્યારે કમિટીના સભ્ય ડો. રાજન દેસાઈએ સેમિનારનું સંચાલન કર્યું હતું. અંતે, ઉપસ્થિતોના તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ વક્તાશ્રી દ્વારા આપવામાં આવ્યા હતા. ચેમ્બરના SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યાર બાદ સેમિનારનું સમાપન થયું હતું.